નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા
તા.૦૭/૦૮/૨૦૨૩ થી ૧૩/૦૮/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| **નવસારી ટાઉન પોલીસ અધિકારી અને પોલીસ કર્મચારીઓએ નવસારી ટાઉન વિસ્તારમાં જુગારની રેઇડો કરી  નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.ન. ૧૧૮૨૨૦૧૯૨૩૧૧૯૯  મુજબના ગુનામાં જુગાર રમતા ૦૬ ઇસમોને જુગરાના સાધનો રોકડા રૂપીયા ૧૧,૨૮૦/- તથા મદ્દુામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ** |  |
| **નવસારી ટાઉન પોલીસ અધિકારી અને પોલીસ કર્મચારીઓએ નવસારી ટાઉન વિસ્તારમાં જુગારની રેઇડો કરી  નવસારી ટાઉન પોલીસ** ગુ.ર.ન. ૧૧૮૨૨૦૧૯૨૩૧૧૯૫ મુજબના ગુનામાં જુગાર રમતા ૦૬ ઇસમોને રોકડા રૂપીયા ૨૭,૭૪૦/- તથા જુગરાના સાધનો તથા મોબાઇલ ફોન મળી કુલ ૨૯,૭૪૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જુગારનો કેસ શોધી કઢેલ. |  |
| **નવસારી ટાઉન પોલીસ સ્ટેશન અધિકારી અને પોલીસ કર્મચારીઓએ પ્રોહીબીશન/જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા પ્રોહી/ જુગારના લીસ્ટેટડ બુટલેગરો તથા પ્રોહી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો ઉપર વોચ રાખી, માહીતી મેળવી નવસારી ટાઉન પોલીસ અધિકારી/ કર્મચારીઓએ ભારતીય બનાવટનો વિદેશી દારુ કિમંત રૂા. ૨૭, ૩૭૫/-ના પ્રોહીબીશન મુદામાલ સાથે ગુનો શોધી કાઢવામાં આવેલ.** |  |

નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના શરીર સબંધી ગુનામાં પોણા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એલ.સી.બી. પેરોલ ફર્લો સ્કવોડ ટીમ નવસારી



છેલ્લા ચાર વર્ષથી રાજસ્થાન ઝાલાવાડ સંકલ્પ બાળગૃહ સંસ્થામાં વાલી-વારસ વગરનુ બાળક હોવાની ખેરગામ પો.સ.ઇ. ડી.આર. પઢેરીયાનાઓને સંસ્થા દ્વારા સંપર્ક કરી જાણ કરતા. પો.સ.ઇ. પઢેરીયાનાઓએ પોલીસ અધિક્ષકશ્રી,સુશીલ અગ્રવાલ IPS નાઓને વાલી-વારસ વગરનુ બાળક રાજસ્થાન ઝાલાવાડ સંકલ્પ બાળગૃહ સંસ્થામાં હોવાની વિગતે જાણ કરતા, પોલીસ અધિક્ષકશ્રીએ તાત્કાલીક બાળકના માતા-પિતા (વાલી વારસ) શોધ-ખોળ કરવા સૌંવેદનશીલ અભિગમ સાથે સમાજ ઉિયોગી માનવીય કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ. જેના આધારે બાળકનો કબ્જો મેળવવા રાજસ્થાન ઝાલાવાડ સંકલ્પ બાળગૃહ સંસ્થા ખાતે પોલીસની ટીમ રવાના કરી બાળકનો કબજો મેળવી ખેરગામ પોલીસ સ્ટેશ ખાતે લાવી જરુરી ખાત્રી કરી વિખુટુ પડેલ બાળકને માતા-પિતા સાથે મિલાપ કરાવી ગુજરાત પોલીસ પ્રજાની મિત્ર છે. તેવા “સેવા-સુરક્ષા-શાંતિ“ના સુત્રને સાર્થક કરતી ખેરગામ પોલીસ અધિકારી/કર્મચારીઓની ટીમ.

